જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૨૦ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૪૨૮/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :**

## ફોર વ્હીલર કારમાં આવી વ્યઢળોનો વેશ ધારણ કરી લલચાવી ફોસલાવી વિધિ કરવાના બહાને દાગીના તેમજ રોકડ લઇ જતી ગેંગના આરોપીઓ પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.સંયુક્તપો.કમિ.શ્રી, સેકટર-૧ અમીત વિશ્વકર્મા સાહેબ તથા ના.પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી પી.એલ.માલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા મિલકત સંબધી ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ વધુ બનાવ બનતા અટકાવવા અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય પો.ઈન્સ. એમ.એમ.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ વસ્ત્રાપુર પો.સ્ટે પો.સ.ઇ. કે.એલ. રબારી સાહેબનાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે એસ્ટીલો ફોર-વ્હીલ કાર તથા સોનાના દાગીના તથા રોકડ મુદામાલ સાથે આરોપીઓ (1) તુષારભાઇ ઉર્ફે ટીનુ s/o બચુભાઇ ગીગારામા જાતે: કાપડીયા (મારગી બાવાજી) ઉવ.૩૪ ધંધો: ડ્રાઇવિંગ રહે.મ.નં: ૮૪૮ પચીવારીયા ઓડના મકાન, કોઠારીયા સોલવંઠ ગોંડલ રોડ રાજકોટ શહેર મુળ વતન: ગામ: આણંદપર(ભાડલા) તા.ચોટીલા જી. સુરેંદ્રનગર (2) મહેશનાથ ઉર્ફે ભકો s/o ઝવેરનાથ રામનાથ જાતે:પરમાર (નાથ બાવાજી) ઉવ.૩૬ ધંધો:ડ્રાઇવિંગ રહે.ગામ: તરઘડી બોરસીનાલા વિસ્તારમા, પાણીની ટાંકીની બાજુમા, તા.પડધરી જી.રાજકોટ (3) રાજેશ ઉર્ફે રાજુ s/o રમેશભાઇ મોહનલાલ જાતે: ભટ્ટી (વાણંદ) ઉવ.૪૦ ધંધો: સોનીકામ રહે.મ.નં: ૨૦૨ વૃંદાવન એપાર્ટમેન્ટ, અયોધ્યા સર્કલ ગોકુલમથુરા એપાર્ટમેન્ટાની પાછળ, માધાપર ચોકડી પાસે, રાજકોટ શહેર મુળ વતન: રાજકોટ ખાતેથી પકડી પાડી નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(1) વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર. નં.21/20 ઇ.પી.કો. કલમ 406,420 મુજબ

(2) વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર. નં.203/20 ઇ.પી.કો. કલમ 406,420,380 મુજબ

ઉપરોક્ત ગુનાઓ સિવાય આ કામના આરોપીઓએ અન્ય બનાવોની કબુલાત કરેલ છે જે મુજબ

(1) આશરે પાંચેક માસ અગાઉ વાપી ખાતે આવેલ જી.આઇ.ડી.સી. ખાતે એક બોલપેનની ફેક્ટરીમાંથી રોકડ 45000/-

(2) આશરે ચારેક માસ અગાઉ વડોદરા શહેર ગોલ્ડન ચોકડી નજીકમાં આવેલ સોસાયટીમાંથી એક સોનાની વીંટી

(3) આશરે ચારેક માસ અગાઉ સુરત શહેર ખાતે એક રહેણાંક મકાનમાંથી સોનાની વીંટી નંગ-3 તેમજ એક જોડ ચાંદીની સાકરી

(4) આશરે ત્રણેક માસ અગાઉ આણંદ સામરખા ચોકડી નજીકમાં આવેલ સોસાયટીમાંથી સોનાની વીંટી નંગ-2 તથા બુટ્ટીઓ નંગ-2

(5) ત્રણેક માસ અગાઉ મહેસાણા મોઢેરા ચોકડી નજીક સ્વામિનારાયણ મંદિર પાછળ એક મકાનમાંથી સોનાની ચેઇન નંગ-1 સોનાનું પેંડલ નંગ-1 તથા બે જોડ બુટ્ટીઓ

(6) ત્રણેક માસ અગાઉ મહેસાણા વિસનગર રોડ પર આવેલ એક સોસાયટીમાંથી સોનાની ચેઇન નંગ-1 તથા સોનાની એક વીંટી તથા એક જોડ બુટી

(7) ત્રણેક માસ અગાઉ પલાનપુર ખાતે ઓવબ્રિજથી જમણી બાજુ આવેલ એક સોસાયટીમાંથી સોનાની નાની સાકરી નંગ-1

(8) ત્રણેક માસ અગાઉ ગાંધીનગર ખાતે સોનાની વીંટી નંગ-2

## આરોપીઓ ની ગુન્હો કરવાની એમ.ઓ.:

આ કામના મુખ્ય આરોપી મહેશનાથ જવેરનાથ પરમાર નાઓ પોતાની માલીકીની ફોર વ્હીલ કાર ઝેન એસ્ટીલોમાં પોતાના સાગરીતો સાથે ગુજરાત રાજ્યમાં આવેલ મોટા મોટા શહેરોમાં આવેલ મોટી સોસાયટીઓ/બંગલાઓ/ફ્લેટમાં વ્યઢળોનો વેશ ધારણ કરી પૈસા માંગવાના બહાને ઘરમાં હાજર વ્યકતિને વિશ્વાસમાં લઇ અને ઘરમાં ચાલતી સમસ્યાઓ બાબતે વિધિ કરવાના બહાને લલચાવી-ફોસલાવીને પૈસા-દાગીના વગેરે લઇ ભાગી જવાની એમ.ઓ ધરાવે છે.

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:

પો.ઇન્સ.શ્રી એમ.એમ.જાડેજા તથા પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી તથા હે.કો.બાબુભાઇ સરતાનભાઇ તથા પો.કો.યુવરાજસિંહ અનિરુદ્ધસિંહ તથા લોકરક્ષક અમીતસિંહ શિવાભાઇ તથા લોકરક્ષક રૂતુરાજસિંહ ધીરૂભા તથા લોકરક્ષક વિનોદભાઇ દલપતભાઇ વગેરે.

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

## <u>સુરત શહેર રાંદેર પોલીસ સ્ટેશનનો મો.સા. ચોરીનો ગુનો ડિટેક્ટ કરી ચોરીનો મુદામાલ રીકવર કરી એક આરોપીઓને પકડી પાડતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી તથા પોલીસ ઇન્સપેકટર કે.બી.સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૧/૦૩/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે ઇસનપુર કાલામેદાન ખાતેથી અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ તથા અ.પો.કો પ્રભાતસિહ દેવુભા તથા અ.લો.ર ભરતભાઇ લક્ષ્મણભાઇનાઓની સયુક્ત બાતમીથી આરોપી બુરહાન ઉર્ફે મેમણ સ/ઓ બશીરભાઇ સાવાણી (મેમણ) ઉ.વ ૩૮ રહે,બારપુરો રબ્બાની કોલોની લાલશાબાવાની દરગાહ પાછળ તા-ધોરાજી જી-રાજકોટ*નાને* એક હિરો હોન્ડા સ્પ્લેન્ડર મો.સા નંબર જી.જે-૦૫ બી.એ-૫૨૯૯ લખેલ છે તથા એંન્જીન નંબર જોતા ૨૧૭૦૭ વંચાય છે તથા ચેચીસ નંબર ૨૧૯૫૯ વંચાય છે જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-ની મત્તા સાથે પકડી પાડી સુરત શહેર રાંદેર પોલીસ સ્ટેશન ગુના નંબર ૧૧૨૧૦૦૫૦૨૦૦૧૫૧/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે.

